

## ધોળાકુવામાં માટીના ૧૫૦૦ થી ૨૦૦૦ શિવલીંગની પૂજા અર્ચના

ગાંધીનગર પાસે આવેલા ધોળાકુવા ખાતે ચંચળ માતાના મંદિરમાં પંદરસોથી બે હજાર માટીના શિવલીંગ બનાવીને રોજ પૂજા અર્ચના કરવામાં આવે છે. જેમાં શિવજીનું ડમરું, નાગદેવતા, ત્રિશુલ વગેરે માટીથી બનાવીને સુંદર રચના તૈયાર કરવામાં આવે છે.

# શહેરમાં ૯૦ ટકા નાગરિકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો

### ૨,૫૬,૮૩૯ પુરૂષો અને ૨,૦૦,૪૧૫ મહિલાઓએ રસીકરણ અભિયાનમાં ભાગ લઈને વેક્સિનેશનનો લાભ લીધો છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં રસીકરણની કામગીરી ૧૬ જાન્યુઆરી-૨૦૨૧ થી શરૂ થઈ હતી. જેમાં કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ લેનારની સંખ્યા ૯૦ ટકાથી વધારે છે. પ્રથમ ડોઝ ૩,૩૧,૦૬૦ અને બીજો ડોઝ ૧,૨૬,૨૭૪ લોકોએ લીધો છે. કુલ ૪,૫૭,૩૩૯ નાગરિકોએ વેક્સિનેશન કરાવ્યુ છે. મનપા વિસ્તારમાં ૨૨ સરકારી સેન્ટરો અને ૫ ખાનગી સેન્ટરોમાં કોરોના રસીકરણ ચાલી રહ્યું છે. જેમાં ગઈકાલે ૩૧૫૦ નાગરિકોએ વેક્સિન લીધી હતી. છેલ્લા ૩૦ દિવસમાં ૨,૫૬,૮૩૯ પુરૂષોએ રસીકરણ કરવામાં આવ્યુ હતુ. જ્યારે ૨,૦૦,૪૧૫ મહિલાઓએનુ રસીકરણ કરવામાં આવ્યુ હતુ.

**વેક્સિન સેન્ટરો**

| સેન્ટર | આજે વેક્સિન લેનારની સંખ્યા |
|---|---|
| સરકારી હોસ્પિટલ, સે. ૮ | ૧૭૩ |
| અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૯ | ૨૭૧ |
| અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨ | ૨૫૦ |
| પ્રાઈમરી સ્કૂલ, વાવોલ | ૧૦૮ |
| સરકારી શાળા, સે. ૧૫ | ૭૫ |
| સચિવાલય | ૩૩ |
| આનંદ હોસ્પિટલ, સરગાસણ | ૧૨ |
| ટાટા કન્સલટન્સી સર્વિસ | ૪૩ |
| સરકારી પ્રાથમિક શાળા, સરગાસણ | ૭૫ |
| ઈન્દ્રોડા | ૩૬ |


કોરોના વેક્સિનેશનમાં સૌથી વધારે કોવિસિલ્ડનો ડોઝ લેનારની સંખ્યા છે. ત્યાર બાદ કોવેક્સિનનો નંબર બીજા ક્રમે છે. જેમાં ૪,૧૦,૧૦૯ નાગરિકોએ કોવિશિલ્ડ વેક્સિન લીધી છે અને ૪૭,૨૩૩ નાગરિકોએ કોવેક્સિન લીધી છે.

કોરોનાની સંભવિત ત્રીજી લહેર અગાઉ સરકાર યુદ્ધના ધોરણે તૈયારીઓ કરી રહી છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં ઓગષ્ટ માસ દરમિયાન વેક્સિનના ૧ કરોડ ૩૪ લાખ ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં કોરોના વેક્સિનેશન અભિયાન સઘન બનાવવામાં આવ્યું છે. તંત્ર દ્વારા આ માટે સતત મોનીટરીંગ શરૂ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર મનપા વિસ્તારમાં ૧૮ થી ૪૪ વયજૂથમાંથી ૨,૮૪,૦૬૫ નાગરિકોને વેક્સિન અભિયાન હેઠળ આવરી લેવાયા છે. ૪૫ થી ૬૦ વયજૂથમાંથી ૧,૦૯,૬૧૫ નાગરિકોને તથા ૬૦+ વયજૂથમાંથી ૬૩,૬૫૪ નાગરિકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા છે. ગાંધીનગરમાં ૯૦ ટકા નાગરિકોએ કોવિશિલ્ડ વેક્સિન પસંદ કરી છે જ્યારે કોવેક્સિન યુવા વર્ગે વધુ પસંદ કરી હોવાનું જાણવા મળેલ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**ભગવાન, તમારા જન્મદિવસના નામે આ લોકોએ બેફામ ફરવાનું ચાલુ કરી દીધું છે... લાગે છે એ બધા તમને ટૂંક સમયમાં અહીં જોવા મળશે...!!**

## ખૂણેખાંચરેથી

- રાજયના માહિતી વિભાગમાંથી પંકજ મોદીએ આજે અંગત કારણોસર રાજીનામુ આપ્યુ છે.
- ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ધાનોટ ગામે આજે લોક સુનાવણી અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘના અધ્યક્ષપદે યોજાઈ હતી.
- રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં આજે જિલ્લા પ્રા.શિ. અધિકારીઓની વિસ્તૃત સમીક્ષા બેઠક યોજાઈ હતી.
- રાજયના મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવ મહેસુલ અને અધિક મુખ્ય સચિવ પંચાયતની ટીમે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી મહત્વની બેઠક યોજી હતી અને જિલ્લાના અગ્રતા ધરાવતા મુદ્દાઓની સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે આજે જિલ્લા કક્ષાની લેન્ડ ગ્રેબીંગ એક્ટની સમિતિની બેઠક મળી હતી.
- રાજયના મુખ્ય સચિવ પંકજકુમારે આજે કોરોના વેક્સિનેશન અભિયાન અંગે જિલ્લાના અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સથી સમીક્ષા કરી હતી.
- આજે જિલ્લાના લગભગ તમામ અધિકારીઓ મિટીંગોમાં વ્યસ્ત રહ્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતોના સર્વેની કામગીરીનો આજથી કોટેશ્વર ગામે આરંભ થયો છે.
- મહાનગરપાલિકા દ્વારા પેથાપુર ખાતે મિલ્કતવેરાના બિલોના વિતરણની કામગીરીનો આરંભ થઈ ગયો છે.

## સિવિલમાં ફરજ બજાવતા એક કર્મચારીના થેલામાંથી દારૂની પોટલી મળી..?

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલના હોસ્પિટલના કોરોના પાર્કીંગમાંથી તાજેતરમાં પોલીસે કારમાંથી વિદેશી દારુનો જથ્થો પકડી પાડ્યો હતો. ત્યારે સૌ કોઈ અચરજ પામ્યા હતા. ત્યારે હોસ્પિટલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સિવિલની નવી બિલ્ડીંગના એરીયામાંથી ગતરોજ સાંજના ૫ વાગ્યાના અરસામાં એક કર્મચારીના થેલામાંથી દારુની પોટલી મળી હોવાની વાત સિવિલ કેમ્પસમાં ચર્ચાના ચગડોળે ચડી હતી. જયારે જે કર્મચારી પાસેથી આ વસ્તુ મળી તે કર્મચારીને તાત્કાલીક અસરથી એક અધિકારીની ઓફિસમાં લઈ જવાયો હતો. ત્યાં સૌ કોઈ એકઠા પણ થયા હતા. મોડી સાંજ સુધી કોકડુ ગુચવાયેલું રહ્યું હતું. પરંતુ આ ઓફિસમાં લઈ જઈને અધિકારીએ કુલડીમાં શુ ગોળ ભાંગ્યો તે કોઈને ખબર નથી. દેશી દારુની પોટલી મળી તે સિવિલના નાના કર્મચારીઓને ખબર છે પરંતુ આ વાત સિવિલના સત્તાધિશોના કાન સુધી પહોંચી નથી કે પહોંચવા દેવામાં આવી નથી..?

## લાયન્સ ક્લબ ઓફ સોલા દ્વારા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમમાં ભોજન પિરસાયું

સેવાકીય પ્રવૃતિને પ્રાધાન્ય આપતી અમદાવાદની લાયન્સ કલબ ઓફ સોલા અમદાવાદ દ્વારા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમની પર્સનલી ફેઈસ ટુ ફેઈસ વડીલોની મુલાકાત લઈ ખબર-અંતર પૂછી ભાવતું ભોજન કરાવી સંસ્થા અને લાભાર્થીઓને સહકાર આપવાની ભાવના વ્યક્ત કરી હતી. લાયન્સ કલબના પાસ્ટ પ્રેસીડેન્ટ જગદીશ ઓઝા, નીલાબેન ઓઝા, મનુભાઈ પટેલ, અમરતભાઈ ઝવેરી, જે.ડી. અજમેરા ડાયરેક્ટર કેર સીનીયર સીટીઝન, રુયાંગભાઈ શાહ, સુમિત્રાબેન ક્રિશ્ચિયન તથા પિડીયાસ્ટ્રીક સર્જન તેજસભાઈ નાયક વગેરે મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. સંસ્થાના પ્રમુખ યશવંતસિંહ અને નિર્મળાબેને સૌનો આભાર માન્યો હતો.



## પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે માતૃવંદના સપ્તાહની ઉજવણીનો આરંભ

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓગષ્ટ માસ દરમ્યાન ૫૨ પ્રસુતિઓ નોંધાઈ છે. જિલ્લામાં પોષણ માસની ઉજવણીના ભાગરૂપે આજથી શરૂ થયેલ પોષણ સપ્તાહ અંતર્ગત ઉજવણીનો આરંભ પુંધરા ખાતેથી કરાયો છે. ૫૨ મી પ્રસુતિમાં જન્મેલ બાળકના વધામણા સાથે માતાનું સન્માન કરવામાં આવ્યુ હતુ. જિલ્લાના આર.સી.એચ.ઓ. ડૉ. હરેશ નાયક, તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. બીના પટેલ, મેડીકલ ઓફિસર ભૂપેન્દ્ર રાઠોડ તેમજ પી.એચ.સી. કર્મયોગીઓ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. પોષણ સપ્તાહ દરમ્યાન ''પ્રધાનમંત્રી માતૃ વંદના'' યોજનાની ઉજવણી કરવામાં આવનાર હોવાથી કોઈ લાભાર્થી બાકી ના રહી જાય તે જોવા ડૉ. નાયકે ભાર મુક્યો હતો.

## નાગરિક પુરવઠા નિગમના કોરોનામાં મૃતક કર્મચારીઓની અંજલિ સભા

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.ના નિવૃત્ત કર્મચારી દ્વારા ૨૦ ઓગષ્ટના રોજ સરિતાઉદ્યાન ખાતે કોરોનાની મહામારીમાં અવસાન પામેલ નિવૃત તથા ચાલુ કર્મચારીઓ (૮૩ કર્મચારી)ના દુઃખદ અવસાન થયેલ સદ્ગતના આત્માને સાંત્વના પાઠવવા શ્રદ્ધાંધલિ કાર્યક્રમ રાખ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં નિગમના નિવૃત્ત કર્મચારી, અધિકારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. એ.વી. સોલંકી તથા બી.ડી. રાઠોડ, તખતસિંહ પરમાર, એ.એ. ભાવસારે મૃતકોની નામાવલી વાંચી હતી અને શ્રદ્ધાંજલિ પાઠવી બે મિનિટનું મૌન પાળ્યુ હતુ.



## લાયન્સ કલબ દહેગામ દ્વારા આયુર્વૈદિક રોપાનું વિતરણ

લાયન્સ કલબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨-બી-૧ અને ગાંધીનગર આયુર્વૈદિક નર્સરી સર્કિટ હાઉસના સહયોગથી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દહેગામ ખાતે ૧૦૦ આયુર્વૈદિક વનસ્પતિના રોપાઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કે.પી. પ્રજાપતિ દ્વારા વૃધ્ધાશ્રમના વડીલોને મીઠાઈ સાથે ભોજન અને દાન અર્પણ કર્યુ હતુ. જીવન સંધ્યા વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી ભગવતિબા ચૌહાણ તથા વૃધ્ધાશ્રમના વડીલો ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ તથા ડાયરેક્ટર એન્વાયરમેન્ટ લાયન કે.પી. પ્રજાપતિ, ઉપપ્રમુખ લાયન મૌલિક ચૌધરી દ્વારા આયુર્વૈદિક રોપાઓ અર્પણ કરાયા હતા.



ઘણા દિવસો બાદ શહેરમાં વરસાદી વાતાવરણ છવાયુ છે. આકાશમાં વાદળોની સતત અવરજવર ચાલી રહી છે. જો કે હજુ જોઈએ તેવો ધોધમાર વરસાદ નથી. છુટાછવાયા વરસાદના કારણે માર્ગો પર પાણી ભરાયેલા જોવા મળી રહ્યા છે. મીના બજારના માર્ગો પર થોડાક જ વરસાદમાં પાણીના ખાબોચિયા ભરાયા હતા.

## પીઆઈયુ વિભાગના ચીફ એન્જિનિયર દ્વારા સિવિલની મુલાકાત

ગાંધીનગર,તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લીફટ તેમજ ઈલેક્ટ્રીક રૂમમાં પાણી ભરાઈ જવાની સમસ્યા છેલ્લા ઘણા સમયથી છે. આ પાણી કયાંથી આવે છે તે આજદિન સુધી કોઈ શોધી શક્યુ નથી. ત્યારે બુધવારના રોજ આરોગ્યના પીઆઈયુ વિભાગના ચીફ એન્જીનિયર અને સુપ્રિટેન્ડન્ટ એન્જીનિયર દ્વારા સિવિલની મુલાકાત લેવામાં આવી હતી. નવી બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફલોર પર ભરાતા પાણીની સમસ્યાનો ઝડપી ઉકેલ આવશે તેમ જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ સિવિલની નવી બિલ્ડીંગ ખાતે સાતમ અને આઠમની રજાઓમાં લીફટ અને ઈલેકટ્રીક રૂમ ખાતે પાણી ભરાઈ ગયા હતા. જેને પગલે તાત્કાલીક મોટર મુકી પાણી દુર કરવામાં આવ્યા હતા. પરંતુ આ સમસ્યા વર્ષો જુની છે. નવી બિલ્ડીંગમાં પાણી ક્યાંથી આવે છે તે કોઈ કહી શકતુ નથી. તે ઉપરાંત તે પ્રશ્નનું કાયમી નિરાકરણ પણ લાવવામાં આવતુ નથી. ત્યારે બુધવારના રોજ આરોગ્ય વિભાગના પીઆઈયુ વિભાગના ચીફ એન્જીનિયર બી.સી. પટેલ અને સુપ્રિટેન્ડન્ટ એન્જીનિયર એસ.આર.પટેલ મુલાકાત લીધી હતી. પીઆઈયુ ના ઉચ્ચ અધિકારીઓએ સિવિલ તંત્રના અધિકારી-કર્મચારીઓને સાથે રાખીને નવી બિલ્ડીંગમાં ચોથા માળે આવેલી સર્જીકલ ઓપરેશન થિયેટર, ફીવર ઓપીડી, ઈલેકટ્રીક રૂમ, તમામ લીફટ સહિત મેડીકલ અને જનરલ સ્ટોરની મુલાકાત લીધી હતી. નવી બિલ્ડીંગમાં ફુટી નીકળતા પાણી અંગે ઝીવણટભર્યું નિરીક્ષણ કર્યુ હતું. ત્યારબાદ સિવિલના સત્તાધિશોને પાણીની સમસ્યાનું કાયમી ધોરણે ઉકેલ લાવવામાં આવશે તેમ જણાવ્યું હતું. સિવિલના રાઉન્ડ દરમિયાન તંત્રના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે રહેતા યુવકનો આપઘાત

ગાંધીનગર શહેરને અડીને આવેલી ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે રહેતા અને ફાર્મસીમાં અભ્યાસ કરતા આશાસ્પદ યુવકે અગમ્ય કારણોસર ઘરમાં હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આશાસ્પદ યુવકના મૃત્યુના સમાચારને પગલે તેના પરિવારના માથે આભ તુટી પડ્યું હતું. જયારે બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. મુળ આંધ્ર પ્રદેશ અને ગાંધીનગર ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે મકાન નં.૭-૪૦૪ રહેતો ૨૫ વર્ષિય અજમેરા વામસિંહ નાઈક પાલજ ખાતે ફાર્મસીની કોલેજ ખાતે બીજા વર્ષમાં પીએચડીનો અભ્યાસ કરતો હતો.

## ગિફ્ટ સિટી આઈજીબીસી ગ્રીન સિટી રેટિંગ સિસ્ટમ હેઠળ ભારતનું પ્રથમ પ્લેટિનમ રેટેડ સિટી બન્યું

ભારતના એકમાત્ર ઓપરેશનલ સ્માર્ટ સિટી અને ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર (આઈએફએસસી), ગિફ્ટ સિટીને સીઆઈઆઈ ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ (આઈજીબીસી) તરફથી ગિફ્ટ સિટીના પ્રથમ તબક્કાના વિકાસ માટે ગ્રીનર માસ્ટર પ્લાનિંગ અને ડિઝાઈન તથા અમલીકરણ માટે ગ્રીન સિટીઝ પ્લેટિનમ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું છે. ગિફ્ટ સિટી ભારતનું પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી છે કે જેણે આઈજીબીસી ગ્રીન સિટીઝ પ્લેટિનમ રેટિંગ મેળવ્યાં છે. ભારતીય અને વૈશ્વિક કંપનીઓ ગિફ્ટ સિટીને તેમના પર્યાવરણ અને ટકાઉપણાના લક્ષ્યાંકો સાથે આદર્શ ડેસ્ટિનેશન ગણે છે.

ઈન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલ પ્રોજેક્ટમાં અપનાવાયેલી વિવિધ પહેલોને માન્યતા આપે છે, જેમાં શહેરમાં એકીકૃત જમીનનો ઉપયોગ, કોમ્પેક્ટ સિટી ડેવલપમેન્ટ, ૩૫ ટકા જાહેર અને ખુલ્લો વિસ્તાર, વાસ્તવિક આવાસ, બીઆરટીએસ સાથે પરિવહનલક્ષી વિકાસ, મેટ્રો રેલ કનેક્ટિવિટી, સ્ટ્રીટસ્પેસ સાથે ૧૦૦ ટકા રોડ નેટવર્ક તથા ૧૦૦ ટકા ગ્રીન મેન્ડેટ સામેલ છે.

ગિફ્ટ સિટીએ ડિસ્ટ્રિક્ટ કૂલિંગ સિસ્ટમ અને ૧૦૦ ટકા એલઈડી લાઈટિંગ દ્વારા વ્યૂહાત્મક આયોજનથી ઉચ્ચ ઉર્જા કાર્યક્ષમતા હાંસલ કરી છે. સિટીએ પીવાના પાણીમાં ૩૫ ટકાનો ઘટાડો તેમજ ગંદા પાણીના ૧૦૦ ટકા ટ્રીટમેન્ટ અને પુનઃ ઉપયોગ દ્વારા જળ વ્યવસ્થાપન અપનાવ્યું છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની મહત્વતાને જોતાં ગિફ્ટ સિટીએ ઓટોમેટેડ વેસ્ટ કલેક્શન અને સેગ્રીગેશન પ્લાન્ટ સ્થાપિત કર્યો છે.

આ પ્રસંગે ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે એ કહ્યું હતું કે, ગિફ્ટ સિટીના સ્માર્ટ અર્બન ડેવલપમેન્ટ માટેના વિઝનમાં સાતત્યતા સાથે સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પ્રભાવોને ધ્યાનમાં રાખવામાં આવ્યાં છે. આઈજીબીસી ગ્રીન સિટી રેટિંગ સિસ્ટમ હેઠળ પ્લેટિનમ રેટેડ સિટી તરીકે માન્યતા શહેરના અદ્યતન માળખા, ડિઝાઈન પ્રોજેક્ટ અમલીકરણનો પુરાવો છે, જે વૈશ્વિક કંપનીઓને ગિફ્ટ સિટીમાં તેમનો આધાર સ્થાપિત કરવા માટે આકર્ષિત કરે છે, જે ટકાઉપણા પ્રત્યેની તેમની કટીબદ્ધતા સાથે સુસંગત છે.




## ચૌધરી નર્સિંગ કોલેજમાં થેલેસેમિયા સ્ક્રિનિંગ કેમ્પ યોજાયો

ગાંધીનગર જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમિયા અંગે જાગૃતિ ફેલાવવા સતત કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગઈકાલે તા. ૩૧મી ઓગષ્ટના રોજ શહેરના સેક્ટર-૭ ખાતે રેડક્રોસ સોસાયટીની અમદાવાદ-વાડજ શાખાના સહયોગથી ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે 'થેલેસેમિયા કાઉન્સેલીંગ એન્ડ સ્ક્રિનીંગ કેમ્પ''નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૧૫ વિદ્યાર્થીનીઓના થેલેસેમિયા ટેસ્ટ માટે સેમ્પલ લેવામાં આવ્યાં હતા. આ કેમ્પમાં ચૌધરી નર્સિંગ કોલેજના પ્રો. નેહા ત્રિવેદીએ સમગ્ર આયોજનમાં સહયોગ આપ્યો હતો તેમજ રેડક્રોસની રાજ્ય શાખા તરફથી ટેકનિશ્યન સંજયભાઈ વાળંદ અને જયંતિભાઈ વાળંદે ટેસ્ટ માટે સેમ્પલ્સ કલેક્ટ કરવાની સેવા પુરી પાડી હતી.

**જાહેર નિવિદા - ૨૦૨૧-૨૦૨૨**

**શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ**

**મુ. બહુચરાજી, જિ. મહેસાણા. ફોન નં. (૦૨૭૩૪) ૨૮૬૩૧૭**

શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા મંદિર પરિસરમાં ટ્રસ્ટના યજ્ઞકુંડમાં એકચંડી હવન, નવચંડી હવન અને શતચંડી હવનો કરાવવામાં આવે છે.

હવનમાં સારા અને વિદ્વાન બ્રાહ્મણો તથા યજ્ઞ મંડપના આચાર્યની જરૂરિયાત હોઈ હવનમાં કામગીરી કરવા ઈચ્છતા બ્રાહ્મણોને સદર જગ્યા માટે તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારિત લેવાના થાય છે. આમ આ કામગીરી કરવા ઈચ્છતા બ્રાહ્મણોએ તેમનો બાયોડેટા જાહેરાત પ્રસિદ્ધ થયેથી તા. ૨૪/૯/૨૦૨૧ સુધીમાં વહીવટદાર શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ કાર્યાલયમાં કુરીયર / પોસ્ટ / રૂબરૂ મળી જાય તે રીતે સીલબંધ કવરમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. અરજી કવર ઉપર ''કરાર આધારીત યજ્ઞ મંડપના બ્રાહ્મણ અથવા યજ્ઞ મંડપના આચાર્ય અંગેની અરજી'' એવું સ્પષ્ટ અને મોટા અક્ષરે લખવું.

પસંદગી અંગેની તારીખ અંગે અલગથી ઉમેદવારોને જાણ કરવામાં આવશે. અને તે દિવસે અસલ પ્રમાણપત્રો સાથે પસંદગી સમિતિ સમક્ષ હાજર રહેવાનું રહેશે.

ભરતી અંગેનો અબાધિત અધિકાર ચેરમેનશ્રી બ.મા.ટે. ટ્રસ્ટ- વ કલેક્ટર, મહેસાણાનો રહેશે.

**સ્થળ : બહુચરાજી**
**તા. ૨૭/૮/૨૦૨૧**

**સહી/-**
**વહીવટદાર**
**શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ**
**બહુચરાજી**

**ક્રમાંકઃનામાનિ/મહે/૨૦૧/૨૦૨૧/૨૨**